# ગુજરાત એ.ટી.એસ. દ્વારા જૈશ–એ–મોહમ્મદ (JeM) સાથે જોડાઇ દેશવિરોધી કાવતરૂં રચતા વધુ પાંચ આરોપીની ધરપકડ

**તા:૧૭-૦૭-૨૦૨૬**

ગુજરાત એ.ટી.એસ. દેશવિરોધી પ્રવૃત્તિઓ કરનાર લોકો પર સતત નજર રાખી રહ્યું છે. આ કામગીરીના ભાગરૂપે, એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષકશ્રી હર્ષ ઉપાધ્યાયનાઓને ગુપ્ત બાતમી મળેલ હતી કે કેટલાક ઇસમો પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ–એ–મોહમ્મદ (JeM) ના સભ્યો છે. અને આ પ્રતિબંધીત આંતકી સંગઠનની વિચારધારાને પ્રોત્સાહન આપવા તેમજ આતંકવાદી પ્રવૃતી કરવા માટે ગુજરાતમાં સક્રીય પણે આયોજન કરી રહેલ છે. તેમજ તેઓ આતંકવાદી સંગઠન જૈશ–એ–મોહમ્મદ (JeM)ના વડપણ હેઠળ તથા કાવતરાના ભાગ રૂપે ભારતના લોકોને વિવિધ માધ્યમો દ્વારા સંપર્ક કરી તેઓને પ્રોત્સાહીત કરી ગુજરાતમાં જૈશ–એ–મહમ્મદ વતી એક એક્ટીવ નેટવર્કની સ્થાપના કરી રહ્યા છે તેમજ દેશવિરોધી કૃત્યો તેમજ આતંકવાદી ષડયંત્ર કરવા તેનો પ્રચાર–પ્રસાર કરી રહેલ છે. જે અંગે ગુજરાત એ.ટી.એસ. દ્વારા ઉપરોક્ત કાવતરામાં સંડોવાયેલ કુલ ૦૮ લોકો વિરૂદ્ધ તા. ૦૨/૦૭/૨૦૨૬ ના રોજ એ.ટી.એસ. પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુ.ર.નં ૦૫/૨૦૨૬ થી અનલોકુલ એક્ટીવીટીસ પ્રિવેન્શન એક્ટ (UAPA), ૧૯૬૭ની કલમ ૧૩, ૧૭, ૧૮, ૩૮, અને ૩૯ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૬૧ તથા ૧૪૮ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જે અંતર્ગત એ.ટી.એસ.ના પોલીસ અધિક્ષકશ્રી કે. સિદ્ધાર્થનાઓના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત ગુનામાં તપાસ કરનાર અધિકારી નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ. એલ. ચૌધરીનાઓની આગેવાનીમાં ઇન્વેસ્ટીગેશન ટીમ અને નાયબ પોલીસ અધિક્ષકશ્રી હર્ષ ઉપાધ્યાયનાઓની આગેવાનીમાં ઇન્ટ્રોગેશન ટીમ બનાવવામાં આવેલ. ઉપરોક્ત ગુનાની સઘન તપાસ દરમ્યાન આરોપીઓ પાસેથી જૈશ–એ–મોહમ્મદ (JeM)નો ઝંડો, જૈશ–એ–મોહમ્મદના આતંકવાદી મસુદ અઝહરની જેહાદી કિતાબોની કુલ પ્રિન્ટેડ કોપી, મસુદ અઝહરને લખેલ ખતની પ્રિન્ટેડ કોપી, અને ટેરર માટે વાપરવાનાં ફંડના કુલ રૂ.૧,૩૦,૦૦૦/– ની રિકવરી કરવામાં આવેલ.

ઉપરોક્ત ગુનાના આરોપીઓની ઉંડાણ પુર્વક ઇન્ટ્રોગેશન કરતા જાણવા મળેલ કે ઉપરોક્ત આરોપીઓમાંથી અમુક જામિયા અબુલ હસન મદ્રેસા, ખડિયાસન ખાતે રહી વર્ષ ૨૦૨૩થી સક્રિય રીતે બોમ્બ બનાવવાની પદ્ધતિ તથા IED ડેટોનેટ કરવાની મિકેનિઝમ શીખવા પ્રયત્ન કરી રહેલ હતા. તથા તે માટે "અકેલા મુજાહિદ જિહાદ કૈસે કરે" અને અન્ય સમાન કિતાબોની પ્રિન્ટેડ કોપીઓ કરાવી અંદરો અંદર વહેંચી તેનો અભ્યાસ કરી રહેલ હતા. આ ઉપરાંત આરોપી મોહમ્મદ અમીન શેરા દ્વારા જેહાદી બયાન અને તકરિર પણ આપવામાં આવેલ હોવાનું જાણવા મળેલ. જે બાદ આરોપીઓ દ્વારા વર્ષ ૨૦૨૩ થી લઈ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં કુલ ૦૮ વાર અલગ અલગ સમયે અલગ અલગ જગ્યાએ વિવિધ એક્ષપ્લોઝિવ ટાઇમર મિકેનિઝમથી બ્લાસ્ટ કરવાની પદ્ધતિઓનો અભ્યાસ કરી સક્રિય પ્રયાસ પણ કરવામાં આવેલ હોવાનું ખુલવા પામેલ છે. જે માટે આરોપીઓ દ્વારા ગન પાઉડર બનાવવા માટેના રો ઇંગ્રિડિયંટને ઓનલાઈન શોપીંગ પ્લેટફોર્મ અને લોકલ માર્કેટથી ખરીદી બોમ્બ ફોડવાની જુદી જુદી પદ્ધતિઓનો અભ્યાસ કરવામાં આવેલ હોવાનું પણ જાણવા મળેલ છે. જે અંગે તપાસ દરમ્યાન આરોપી મોહમ્મદ અમીન શેરા પાસેથી IED બોમ્બ બનાવવાની સામગ્રી તપાસ અર્થે રિકવર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ગુનામાં તપાસ દરમ્યાન દેશ વિરોધી કાવતરામાં સંડોવાયેલ અન્ય સક્રિય સભ્યો તથા તે બાબત જાણતા સાહેદોની પુછપરછ માટે ગુજરાત એ.ટી.એસ. દ્વારા અલગ અલગ ટીમો બનાવી ગુજરાત તથા રાજસ્થાનના વિવિધ શહેરોની સ્થાનિક પોલીસને સાથે રાખી આ ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓ તથા વિગતો સાથે માહિતગાર હોય તેવા સાહેદોને એ.ટી.એસ. ગુજરાત ખાતે લાવવામાં આવેલ. જેઓના સઘન ઇન્ટ્રોગેશન બાદ દેશ વિરોધી કાવતરામાં સંડોવાયેલ વધુ ૦૫ ઇસમોની ધરપકડ કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

1. **બિલાલ આબીદભાઈ શેરા** ઉ.વ–૨૪ રહે. હાલ હોટલ દિવ્યા પેલેસ બેંક ઓફ બરોડાની ઉપર કઠવાડા જી.આઈ.ડી.સી કઠવાડા અમદાવાદ મુળ રહે–મક્કી મસ્જીદ પાસે, શેરાવાસ, ચાટાવાડા તા.સિદ્ધપુર જી.પાટણ. જમિયત–ઉલ ઉલૂમ મદ્રેસા, ગઢા થી ભણેલ છે.
2. **મહમદ ઐયુબ કડીવાલ** ઉ.વ–૨૨ રહે. ખડીયાસણ, હન્ફીપુરા તા.સિધ્ધપુર જી.પાટણ. હાલ– જામિયા અબુલ હસન મદ્રેસા, ખડિયાસણ
3. **મોહમ્મદ ઐયુબભાઈ સુણસરા** ઉર્ફે મોહમ્મદ ખળી ઉ.વ–૨૦ ધંધો–અભ્યાસ રહે. પ્રાથમિક શાળાની સામે ખળી, તા.સિધ્ધપુર જી.પાટણ. હાલ– દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસા, ભરુચ
4. **શફીઅ રઈસ મુખી** ઉર્ફે શફિ છાપી ઉ.વ–૨૧ રહે. અક્સા મસ્જીદની પાસે છાપી, તા.વડગામ જી.બનાસકાંઠા. હાલ–જામિયા ઇસ્લામિયા તાલિમ્મુદ્દિન મદ્રેસા, દાભેલ

5. **મોહમદહસન હનીફભાઈ કરડીયા** ઉર્ફે હસન હૈદરપુરી ઉ.વ–૨૦ રહે. મોહમદપુરા વાસ, હૈદરપુરા, તા.સરસ્વતી જી.પાટણ. હાલ– દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસા, ભરુચ

ઉપરોક્ત આરોપી બિલાલ આબીદભાઈ શેરાએ અગાઉ પકડાયેલ આરોપી મોહમ્મદ અમીન શેરાને પેનડ્રાઇવ આપેલ જેમાં જૈશ–એ–મોહમ્મદના આતંકવાદી મસુદ અઝહરના જેહાદી બયાન, વિડિયો અને જેહાદી કિતાબો મળી આવેલ, જેની પ્રિન્ટ વિવિધ જગ્યાઓથી કરાવેલ છે. આરોપી મહમદ ઐયુબ કડીવાલની સઘન પુછપરછ દરમ્યાન તેણે મોહમ્મદ અમીન શેરા, અહમદ ગાજીવાલા, જકરિયા ઘઘા તથા અન્ય ઉપરોક્ત આરોપીઓ સાથે મળી મસ્જિદમાં ભેગા થઈ દાવત કરેલ અને IED બોમ્બ અસેમ્બલ કરી સફળ IED બ્લાસ્ટ કરવાનું શીખેલ હોવાનું જાણવા મળેલ. ઉપરોક્ત તમામ આરોપીઓ “અકેલા મુજાહિદ જિહાદ કૈસે કરે” કિતાબની ઝેરોક્ષ કરાવી વાંચતા અને મદ્રેસાના અન્ય તાલિમાર્થીઓને જેહાદમાં જોડાવા માટે દાવત આપતા હતા. આરોપીઓ દ્વારા આવી કુલ ૦૩ દાવત આપવામાં આવેલ હોવાનું ખુલવા પામેલ છે.

આથી ઉપરોક્ત તમામ ૦૫ આરોપીઓ આતંકવાદી કૃત્ય પાર પાડવાના ષડયંત્રમાં સક્રિય રીતે ભાગ ભજવી રહ્યા હોવાનું જણાઈ આવતા તમામ ૦૫ ઈસમોની તા. ૧૫/૦૭/૨૦૨૬ના રોજ ઉપરોક્ત ગુનામાં અટકાયત કરી ૦૮ દિવસના પોલીસ રિમાંડ મેળવેલ છે.

## પકડાયેલ આરોપીઓ



બિલાલ આબીદભાઈ શેરા



મહમદ ઐયુબ કડીવાલ



મોહમ્મદ ઐયુબભાઈ સુણસરા ઉર્ફે મોહમ્મદ ખળી



શફીઅ રઈસ મુખી ઉર્ફે શફિ છાપી



મોહમદહસન હનીફભાઈ કરડીયા